# હું સ્ક્રીન પર સંઘર્ષ ઈચ્છું છું વાસ્તવિક જીવનમાં નહીં

# પંકજ ત્રિપાઠી




**જરા પણ ઊંચો અવાજ કર્યા વિના, કોઈ સ્પેશ્યલ ઈફેક્ટ્સ નહીં, તેમજ હિંસા કર્યા વિના પણ ક્રૂર કેવી રીતે દેખાઈ શકાય તે પંકજ ત્રિપાઠીને બરાબર આવડે છે. સાલસ સ્વભાવના પંકજ ત્રિપાઠીની ફિલ્મ ‘મિરઝાપુર’માં તે કાલીન ભૈયાના પાત્રમાં છે. પોતાની આગવી શૈલીથી ‘મિરઝાપુર’નું પાત્ર ઘણા વર્ષ જૂનું હોવા છતાં તેમાં તેમણે નવીનતા આપી છે. આ સિવાય, ‘ગેંગ્સ ઓફ વાસેપુર’માં સુલતાનથી લઈને ‘લૂડો’માં સત્તુ ભૈયાનું કિરદાર નિભાવીને તેમણે પોતાની પ્રતિભાની રેન્જ બતાવી છે.**

**વર્ષોથી કાલીન ભૈયાનું પાત્ર ભજવી રહ્યા છો. પાત્રમાં શું નવું કરવાનું બાકી છે?**

ભલે આ પાત્ર 2018માં શરૂ થયું હતું, પણ સેટ પર આ પાત્ર ભજવતી વખતે મને તે દરરોજ નવું લાગે છે. આપણે તે પાત્ર વિશે બધું જ જાણીએ છીએ, તેનો સ્વભાવ, તેનું વર્તન... બધું જ. પરંતુ, તે દર્શકોને ફરી નવું લાગે તે માટે શું કરવું એ સવાલ તો હંમેશાં મનમાં રહેતો હોય છે અને તેને ધ્યાનમાં રાખીને અમે કામ કરતા હોઈએ છીએ. તે નવું ભજવેલું પાત્ર પહેલા જેવું જ લોકોને ગમશે કે નહીં તે ડર હંમેશાં એક એક્ટરને સતાવતો રહે છે.

**તમારી રિયલ લાઈફ પર્સનાલિટી સરળ અને સાલસ અને ઓનસ્ક્રીન નેગેટિવ અને ચેલેન્જિંગ પાત્રો ભજવ્યા છે. તમે આ કેવી રીતે કરી શકો છો?**

**શો-શા**

તમે મને બરાબર સમજ્યા. રિયલ લાઈફમાં મારું વ્યક્તિત્વ ઓનસ્ક્રીન પર્સનાલિટીથી તદ્દન વિપરીત છે. પરંતુ, સિનેમામાં સંઘર્ષ ન હોય તો કોઈ મજા નથી આવતી. કલામાં ગ્રે કે નકારાત્મક પાત્રો હોવા જરૂરી છે. જો ‘હું તને પ્રેમ કરું છું’ એમ કહું અને તમે પણ સામેથી આવો જ વળતો જવાબ આપો તો વાર્તા ત્યાં જ પૂરી થઈ જાય છે. વાર્તા સંઘર્ષથી અસ્તિત્વમાં આવે છે. તેથી હું સ્ક્રીન પર સંઘર્ષ ઈચ્છું છું, પરંતુ ચોક્કસપણે મારા વાસ્તવિક જીવનમાં નહીં.

**તમે સૌથી વધારે ક્રૂર વિલન બની જાઓ છો, તે કેવી રીતે?**

બિલકુલ. જીવનમાં અને પડદા પર પણ હું બિનજરૂરી બેચેનીમાં માનતો નથી. છતાં, તે બધા પાત્રો એકબીજાથી કેટલા અલગ છે. ‘લૂકા છુપી’માં બાબુલાલ તોફાની, રમતિયાળ અને સંપૂર્ણપણે અલગ બોડી લેન્ગવેજ ધરાવે છે. તે જીવંત અને સ્ફૂર્તિથી ભરેલું પાત્ર છે. હવે ‘ક્રિમિનલ જસ્ટિસ’ના માધવ મિશ્રા અને ‘મિરઝાપુર’ના કાલીન ભૈયા, આ બંને પાત્રો શાંત હોવા છતાં એકબીજાથી તદ્દન વિપરીત છે. દેખાવે તેઓ ભલે સરખા હોય શકે, જેમ કે, સરખી હેરસ્ટાઈલ, શાંતિપ્રિય સ્વભાવ અને છતાં, કેટલા અલગ! બંનેની શાંતિનો સ્રોત અલગ છે. માધવ મિશ્રાની શાંતિ અસ્તિત્વ ટકાવી રાખવા માટે અને ચિંતાને છુપાવવા માટે હોય છે, જ્યારે કાલીન ભૈયાની શાંતિ પ્રભુત્વ દર્શાવે છે.

**શું તમને ગેંગસ્ટરની ભૂમિકા આકર્ષે છે?**

સાચું કહું તો મને ખબર નથી કે ફિલ્મ નિર્માતાઓ મને શા માટે આ પ્રકારની જ ભૂમિકા આપે છે. ફિલ્મ નિર્માતાઓ મને ધ્યાનમાં રાખીને શા માટે આવા પાત્રો લખતા હોય છે તેની મને ખબર નથી. વાસ્તવિક જીવનમાં હું ‘મસાન’નો એક સરળ વ્યક્તિ છું, જે શાંતિથી ફિલ્મ જોવા માટે ટિકિટ બૂક કરે છે અને પોતાની જિંદગી શાંતિથી પસાર કરવા માંગે છે. પરંતુ, ફિલ્મ નિર્માતાઓ મારામાં કંઈ બીજું જુએ છે અથવા કદાચ દર્શકોનો આ ભૂમિકાઓ પ્રત્યેનો પ્રેમ છે, જે નિર્માતાઓને મારી પાસે ફરી લાવે છે. રસપ્રદ વાત એ છે કે આવા ગ્રે પાત્રો ભજવવાથી મારી અંદરનો દબાયેલો ગુસ્સો બહાર નીકળી જાય છે અને અંતે હળવાશ અનુભવાય છે અને એક સમજણ કેળવાય છે.

**તમારી જિજ્ઞાસાને કેવી રીતે જીવંત રાખો છો?**

હું ફક્ત લોકોને જોઉં છું, તેઓ કેવી રીતે ચાલે છે, તેમની બોડી લેન્ગવેજ જોઉં છું અને તેમના મનમાં શું ચાલી રહ્યું છે તે વિચારું છું. સોશિયલ મીડિયા પર સ્ક્રોલ કરીને, લોકોને રાજકીય પક્ષોની તરફેણમાં કે વિરુદ્ધમાં દલીલ કરતા જોઈને, હું તેમને સમજવાનો પ્રયાસ કરું છું કે તેમની માન્યતાઓ કેવી રીતે ઘડાઈ હશે, તેમની સાયકોલોજી કેવી રીતે આકાર પામી હશે? હું રોજિંદા જીવનને દાર્શનિક દૃષ્ટિકોણથી જોઉં છું. એક દિવસે મેં મારા ઘરની પાસે એક માછલીની દુકાનના છાપરા પર બગલાને બેઠેલો જોયો. તે જોઈને મને કલિયુગ અને મૂડીવાદ એક સાથે દેખાયા. બગલાએ પણ માછલી માટે બજારમાં આવવું પડ્યું! આ દાર્શનિક દૃષ્ટિકોણ મારો હંમેશાં જાગ્રત રહે છે. મારા કિરદારોમાં પણ હું તે વણી લઉં છું, જેથી તેઓ પુનરાવર્તિત થતા નથી.

**તમારું કાલીન ભૈયાનું પાત્ર અત્યાર સુધી ઓટીટી પર હતું, હવે તે મોટા પડદા પર આવ્યું છે. આ કારણસર તમારા પાત્ર તરફના અભિગમમાં કોઈ ફેરફાર થયો છે?**

મારા માટે કાલીન ભૈયા દરેક વખતે સંપૂર્ણપણે નવો હોય છે. જ્યારે હું તેને મોટા પડદા પર ભજવું છું ત્યારે તેના સીન, તેની સાથે બનતી ઘટનાઓ અને કહાની એ બધું જ નવું છે, જે ઓડિયન્સે પહેલાં ક્યારેય જોયું નથી. આમ, તે સમગ્ર અનુભવ ઓડિયન્સ અને મારા માટે પણ નવો જ બની જાય છે.

**કોઈ પ્રોજેક્ટ મોટા પડદાને બદલે ઓટીટી પર રિલીઝ થયો હોય ત્યારે ઓડિયન્સના પ્રતિભાવનું મૂલ્યાંકન તમે કેવી રીતે કરો છો?**

સાચું કહું તો, રિલીઝ પહેલાં હું વધારે ઉત્સાહિત નથી થતો, કારણ કે ત્યાં સુધીમાં મારું કામ પૂરું થઈ ગયું હોય છે અને પરિણામ દર્શકોના હાથમાં હોય છે. અમે અમારા તરફથી સંપૂર્ણપણે પ્રમાણિકતાથી કામ કર્યું હોય છે, તેમાં કોઈ શોર્ટકટ નથી. થિયેટર રિલીઝ થઈ હોય ત્યારે મને માસ્ક પહેરીને થિયેટરમાં જવું, દસ મિનિટ, ત્રીસ મિનિટ તો ક્યારેક કલાકો સુધી પાછળ બેસીને પ્રેક્ષકોની પ્રતિક્રિયા અને તાળીઓ સાંભળવી મને ગમે છે. ઓટીટી રિલીઝ અલગ બાબત છે. ત્યારે હું એવી વ્યક્તિઓ પર આધાર રાખું છું, જેઓ મને ક્યારેય ફોન કરતા નથી અને ઓટીટી પર જોયા બાદ મને ફોન કરે છે. ‘મિરઝાપુર’ જોયા બાદ એક વ્યક્તિએ ન્યૂયોર્કથી મને ફોન કર્યો હતો. તે સુખદ અનુભવ હજી પણ યાદ છે. •

# AHAAN PANDAY

## ડિરેક્ટર બનવાની તક મળે તો?




**સવારની પહેલી એક્ટિવિટી શું હોય?**
એલાર્મ બંધ અને ફરી સૂઈ જાઉં!

**‘સૈયારા’ પછી સૌથી મોટો બદલાવ?**
લોકો ઓળખી જાય!

**સેટ પર સૌથી મોટો મસ્તીખોર કોણ?**
હું તો બહુ ઇનોસન્ટ છું બાકીના લોકો કરતા!

**કૃશ કપૂર(સૈયારાનુ, પાત્ર) રિયલ લાઇફ બેસ્ટી હોત તો શું કરતે?**
એને કહું-ભાઈ, થોડું ચિલ કર!

**એક્ટિંગ પહેલાં તારી ઇન્સ્ટાગ્રામ પર્સનાલિટી કેવી હતી?**
બહુ જ એક્સ્ટ્રા!

**ફિલ્મો જોવી કે ફિલ્મોમાં કામ કરવું?**
ફિલ્મો જોવી.

**ડિરેક્ટર બનવાની તક મળે તો?**
બધા એક્ટર્સને કહી દઉં- મારી વાત સાંભળો!

**સૌથી મોટી વીકનેસ?**
ફિલ્મ વિશે વાત શરૂ કરું પછી મને રોકવો મુશ્કેલ છે.

**કેમેરા સામે સિરિયસ રહેવું કેટલું મુશ્કેલ?**
સીન પર ડિપેન્ડ કરે.

**અનીત સાથે ફરી ફિલ્મ કરવાની તક મળે તો?**
ડેફિનેટલી યેસ... અને મળી પણ છે.

**ફોન બોલી શકે તો સૌથી મોટી ફરિયાદ શું કરે?**
‘ભાઈ, મને થોડો રેસ્ટ આપ!’

**બોલિવૂડમાં કોને મળતાં ફેનબોય બની જશો?**
શાહરુખ ખાન.


**એક્ટિંગ ન હોત તો શું કરતા?**
ફિલ્મમેકિંગ.

**એક કલાક માટે કોઈ સુપરહીરોની પાવર મળે તો?**
ટેલિપોર્ટેશન! •

# સેટ પર એડી, કેમેરા સામે હીરો!

# શોભિનવ સત્ય






બોલિવૂડમાં ક્યારે કોની કિસ્મતનું ‘સ્વિચ’ ઓન થઈ જાય એ કોઈ કહી શકે નહીં! કોઈ કલાકાર વર્ષો સુધી ઓડિશન આપ્યા પછી પણ મુખ્ય ભૂમિકા મેળવવા માટે રાહ જોતો રહે છે, તો કોઈ કલાકારને એવી તક સેટ પર જ મળી જાય છે કે આખી કરિયરની દિશા બદલાઈ જાય. શોભિનવ સત્ય સાથે કંઈક આવું જ થયું. 2026માં આવેલી ફિલ્મ ‘હનુમાન અંશ’માં નીમ કરોલી બાબાની ભૂમિકા ભજવીને ચર્ચામાં આવેલા શોભિનવ ફિલ્મમાં હીરો બનવા માટે આવ્યા જ નહોતા. તેઓ તો સેકન્ડ આસિસ્ટન્ટ ડિરેક્ટર તરીકે સેટ પર કામ કરી રહ્યા હતા!

‘હનુમાન અંશ’ના સેટ પર શોભિનવની દુનિયા કેમેરાની પાછળની હતી. શૂટિંગની તૈયારીઓ, સીન માટેની વ્યવસ્થા અને દિગ્દર્શનની ટીમ સાથે સંકલન કરવાનું તેમનું કામ હતું. એટલે સુધી તો બધું સામાન્ય હતું. પરંતુ પછી સેટ પર એવી ઘટના બની કે શોભિનવની પોતાની જ કહાનીનું દિગ્દર્શન બદલાઈ ગયું.

**એક્ટર્સ લાઈફ**

નીમ કરોલી બાબાનું કેરેક્ટર ભજવનાર મૂળ એક્ટર અચાનક બીમાર પડ્યા. હવે આ મહત્ત્વની ભૂમિકા માટે નવા ચહેરાની શોધ શરૂ થઈ. સેટ પર જ કામ કરતા શોભિનવ પર દિગ્દર્શક વિશાલ ચતુર્વેદીની નજર પડી. તેમને સ્ક્રીન ટેસ્ટ માટે બોલાવવામાં આવ્યા. શોભિનવ માટે આ તક અચાનક આવી હતી, પરંતુ તેમણે પણ તેને હળવાશથી લીધી નહીં.

અને પછી શરૂ થયું એવું ઓડિશન, જે સામાન્ય ઓડિશન કરતાં ઘણું લાંબું નીકળ્યું. લગભગ પાંચ કલાક સુધી શોભિનવનો ટેસ્ટ ચાલ્યો. પાંચ કલાકના આ ટેસ્ટ પછી જે પરિણામ આવ્યું એ તેમના માટે કોઈ ફિલ્મી ક્લાઈમેક્સથી ઓછું નહોતું. તેમને નીમ કરોલી બાબાના કેરેક્ટર માટે પસંદ કરી લેવામાં આવ્યા. એટલે કે જે કલાકાર થોડા સમય પહેલાં કેમેરા પાછળ આસિસ્ટન્ટ ડિરેક્ટર તરીકે કામ કરી રહ્યા હતા, તેઓ હવે સીધા કેમેરા સામે મુખ્ય ભૂમિકામાં ઊભા હતા!

શોભિનવના કાસ્ટિંગમાં તેમનો લુક પણ મહત્ત્વનો બન્યો. તેમના ચહેરામાં નીમ કરોલી બાબા સાથે સામ્ય જોવા મળ્યું હતું. આ સામ્યતા કેરેક્ટર માટે તેમને પસંદ કરવામાં ઉપયોગી બની હોવાનું કહેવાય છે. પરિણામે ગેટઅપ અને કેરેક્ટરની તૈયારી બાદ તેમનો લુક પણ પડદા પર બાબાની છબી સાથે મેળ ખાતો જોવા મળ્યો.

જોકે શોભિનવ માટે ફિલ્મી દુનિયા નવી નહોતી. આસિસ્ટન્ટ ડિરેક્ટર તરીકે કામ કરતાં તેમણે ફિલ્મના સેટને અંદરથી જોયો હતો. કલાકારોની તૈયારીથી લઈને સીનના આયોજન સુધીની પ્રક્રિયાનો તેમને અનુભવ હતો. આ કારણે કેમેરાની પાછળનો અનુભવ કેમેરા સામેના અભિનયમાં પણ કામ આવ્યો.

સૌથી રસપ્રદ વાત એ છે કે નીમ કરોલી બાબાનું કેરેક્ટર તેમના માટે માત્ર એક સામાન્ય ફિલ્મી ભૂમિકા નહોતું. તેઓ લાંબા સમયથી બાબાને અનુસરતા

**કેરેક્ટર મળ્યા બાદ તેમણે માત્ર લુક અને સંવાદો પર નહીં, પરંતુ બાબાની વિચારસરણી અને વ્યક્તિત્વને સમજવા પર પણ ધ્યાન આપ્યું**

હોવાનું જણાવાયું છે. તેથી કેરેક્ટર મળ્યા બાદ તેમણે માત્ર લુક અને સંવાદો પર નહીં, પરંતુ બાબાની વિચારસરણી અને વ્યક્તિત્વને સમજવા પર પણ ધ્યાન આપ્યું.

7 ઓગસ્ટ 2026ના રોજ રિલીઝ થયેલી ‘હનુમાન અંશ’ શોભિનવ માટે કરિયરની નવી ઈનિંગ બની છે. બોલિવૂડમાં ક્યારે તક દરવાજો ખખડાવે એ નક્કી નથી હોતું. શોભિનવના કિસ્સામાં તો દરવાજો પણ ખખડાવ્યો નહીં... સીધો સેટ જ ખોલાઈ ગયો! હીરો બનવા આવ્યા નહોતા, પણ ફિલ્મી દુનિયાએ તેમને સેટ પર જ ‘સરપ્રાઈઝ પ્રમોશન’ આપી દીધું! •